ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નાક કપાયા પછી પણ છમકલાં છોડતું નથી,*
*પાકિસ્તાની સૈન્ય હજી શાંતિ તરફ દોડતું નથી.*
*ખોડતું નથી સૂલેહ-સંપથી શાંતિનો શ્વેત ધ્વજ -*
*ફૂટ્યો મસૂદના પાપનો ઘડો, ભાંડો ફોડતું નથી ?!*

હાઈકુ

*બેઠું છે ખોળે*
*ભસે સીમા શેરીમાં*
*ચીન ને ચાળે...*
*(પાકિસ્તાની હરકતો)*

*છે પરવશ*
*ઈમરાન રોબોટ*
*સેના પાવરે...*
*(ચાવી દીધેલ રમકડું)*

### ચિંતન

*જ્ઞાત્રાદિભાવમુત્સૃજ્ય જ્ઞેયમાત્રસ્થિતિદૃઢા ।*
*મનસા નિર્વિકલ્પઃ સ્યાત્સમાધિર્યોગસંજ્ઞિતઃ ॥*

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત-સિદ્ધાંત સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

જેમાં જ્ઞાતા વગેરે ભાવ ત્યજીને માત્ર જ્ઞેય સ્વરુપે મનની દૃઢ સ્થિતિ થાય તે યોગ નામની 'નિર્વિકલ્પ' સમાધિ કહેવાય છે.

જ્ઞેય-જ્ઞાતા, જાણવાની બાબત અને જાણનાર વચ્ચે પણ જ્યારે ભેદ રહેતો નથી ત્યારે દૃષ્ટા એક માત્ર તટસ્થ બની જાય છે. સુખ-દુઃખ, રોગ પીડા તંદુરસ્તી બિમારીનો એને કોઈ અનુભવ - અનુભૂતિ થતી નથી આ પરિસ્થિતિને નૈર્વિકલ્પ સમાધિ કહેવાય છે.

### સુવિચાર

- ખૂનપસીના બહાતા જા, તાન કે ચાદર સોતા જા, યહ નાવ તો હિલતી જાયેગી, તૂ હંસતા જા યા રોતા જા - **ઉત્તમચંદ**
- એ નસીબદાર છે જે કોઈ જ વસ્તુની ઈચ્છા નથી રાખતો કારણ કે એ નિરાશ થવામાંથી બચી જાય છે - **પોપ એલેકઝાન્ડર**
- અતિ આસક્તિ દોષ જન્માવતી હોય છે - **ચાણક્ય**
- ભાગ્ય સાથ આપે છે ત્યારે ગાંડપણ પણ વિદ્વતા બની જાય છે - **ડગ્લાસ જેરાલ્ડ**
- બુદ્ધિમાન માણસો પાસે ઉત્તરો કદી તૈયાર હોતા નથી તેઓ પ્રશ્નોનો સામનો કરે છે - **ઓશો**
- બુરાઈના પાંદડા ઉપર વારંવાર હુમલો કરવા કરતા સારું છે કે તેના મૂળ પણ એકદમ હુમલો કરાય - **થોરો**
- આજનું ઔષધ : ખીરા કાકડી સાથે બે કળી કાચુ લસણ ખાવાથી ઘૂંટણના તથા સાંધાના દુઃખાવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસરુદ્દીન બીમાર હતો. તેનો મિત્ર તેની ખબર જોવા ગયો. મુલ્લા બેહોશ હતો. તાવ એકસો બે-ત્રણ ડીગ્રી હશે. શરીર ખૂબ તપી રહ્યું હતું. મિત્રએ તાવ તપાસવા મોઢામાં થર્મોમીટર મૂક્યું. બેહોશ મુલ્લા બોલ્યા, 'માચીસ પ્લીઝ.' એકસો ત્રણ ડીગ્રી તાવમાં પણ મુલ્લાને બીજું કંઈ યાદ નથી અને બેહોશીમાં મોઢામાં થર્મોમીટર નાખતાં એને સિગારેટ યાદ આવે છે અને 'માચીસ પ્લીઝ' નું રટણ કરે છે. મરવા પડ્યા હશે ત્યારે મોટા ભાગના માનવીની દશા આવી જ હશે. 'માચીસ પ્લીઝ !!' તમારું મન જૂની આદત અનુસાર બેહોશીમાં પણ તાણાવાણા વણતું રહે છે. મરણની ક્ષણે પણ તમે મનથી ભરેલાં હશો. તમે પૂજા કરો, પ્રાર્થના કરો, મંદિરે જાઓ. તીર્થયાત્રા કરો પણ મન તમારી સાથે જ છે. અને મન જયાં સુધી તમારી સાથે છે ત્યાં ધર્મ સાથે સંબંધ નહીં જોડી શકાય.

# અબળા નહીં, પ્રબળા છે આજની નારી

*તંત્રીસ્થાનેથી...*

કુદરતે પુરુષને શારીરીક રીતે વધારે બળવાન બનાવ્યો અને સ્ત્રીને હૃદયની અપાર સંવેદનશીલતા સાથે કરુણાની મૂર્તિ તરીકે સ્થાપિત કરી. પુરુષ કરતાં સ્ત્રીને વધારાની એક જવાબદારી સોંપી તે ગર્ભધારણની અને સંતાનના ઉછેરની. આ જવાબદારીનું વહન કરતાં કરતાં એ વાત્સલ્ય અને દયા જેવી ભાવનાઓની સ્રોતસ્વિની બની ગઈ. પરિણામે એને હરહંમેશ એક હૂંફાળી છત્રછાયાની ખપ પડતી રહી. મનુ ભગવાને એટલે જ કહ્યું કે સ્ત્રી સ્વતંત્ર કહેતાં એકલી રહે તે બરાબર નથી. બાળપણમાં એણે પિતાની છત્રછાયામાં, યુવાન વયે પતિની રખેવાળી હેઠળ અને વૃદ્ધાવસ્થા દરમિયાન પુત્રની સારસંભાળ હેઠળ રહેવું જરૂરી છે. મનુસ્મૃતિનો આ શ્લોક કાળક્રમે સ્ત્રી ઉપર પુરુષના આધિપત્યનો વટહુકમ બની ગયો. સ્ત્રીએ પણ એને અનુકૂળ થવામાં જ શ્રેય માની લીધું. પરિણામે સ્ત્રી રસોડાની રાણી બની ગઈ. બેડરૂમથી લૅબરરૂમ (પ્રસૂતિ ગૃહ) અને લગ્નની ચોરીથી સ્મશાન સુધી એના પર પુરુષનો જ પડછાયો રહ્યો. બાઈબલમાં ઈશ્વરે પહેલાં સકળ સૃષ્ટિનું નિર્માણ કર્યા પછી પુરુષ બનાવ્યો અને પાછળથી ભૂલ સમજાતાં એની જ પાંસળી કાપી લઈ એમાંથી સ્ત્રીનું નિર્માણ કર્યું એવી રમણીય કલ્પના છે. સ્ત્રી એટલા માટે બનાવી કે જેથી પુરુષને એકલું ના લાગે. આપણા રાષ્ટ્ર કવિ મૈથિલીશરણ ગુપ્તના ચંપૂકાવ્ય 'યશોધરા'માં આવતી આ કડી કેટલી સૂચક છે !

અબલાં જીવન હાય, તુમ્હારી યહી કહાની ?

આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં પાની !

મહદંશે સ્ત્રીના માતૃસ્વરુપનો જ મહિમા થતો રહ્યો. નારીને નારાયણી કહી રાજી કરવાના પ્રયાસો થયા. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે - જેવાં સૂત્રો રચાયાં. યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા : - જેવાં આદરસૂચક સુભાષિતો ગવાતાં રહ્યાં પરંતુ આધિપત્ય તો પુરુષ જાતનું જ રહ્યું. સ્ત્રી ઘરની નોકરડી, પુરુષનું પગરખું અને રસોડાનું મસોતું બની ગઈ. આવી કારમી સ્થિતિમાં પણ સ્ત્રીએ માતૃત્વની એની પ્રકૃતિદત્ત ફરજ બજાવવામાં પાછી પાછી ન કરી. આથી ઊલટાની પુરુષ જાતે એને યૌનશોષણનો ભોગ જ બનાવ્યે રાખી. કાળક્રમે સ્ત્રીનું સ્વમાન જાગ્યું અને એની અસ્મિતા પ્રગટી. પુરુષ સમોવડી જ નહીં, એના કરતાં ચડિયાતી છે એવું એણે પુરવાર પણ કર્યું. કરુણા એનો સ્થાયી ભાવ હોઈ ડૉકટર કે શિક્ષક તરીકે તો એ શ્રેષ્ઠ પુરવાર થઈ જ, પરંતુ અત્યાર લગી પુરુષના એકાધિકાર સમાં ક્ષેત્રોમાં પણ એણે ઉત્તમ પ્રદાન કર્યું. આપણા જ દેશની વાત કરીએ તો સૈકાઓ પહેલાં રઝિયા બેગમે રાજ કર્યું, અહલ્યાબાઈએ શ્રેષ્ઠ વહીવટ આપ્યો, ચાંદ બીબીએ શાસન ચલાવ્યું અને છેલ્લે ઈંદિરા ગાંધીએ વિશ્વમાં ભારતીય નારીના કૌવતનો સાચો પરચો પૂર્યો. કિરણ બેદીએ પુરુષોના જ ક્ષેત્ર ગણાતા પોલીસતંત્રમાં કરુણાનું તત્ત્વ ઉમેરી તિહાજ જેલને આશ્રમમાં ફેરવી દીધી. ઈન્દ્રા નૂયીએ આર્થિક વહીવટી ક્ષેત્રે તો વળી કલ્પના ચાવલા અને સુનીયા વિલિયમ્સ જેવી અંતરિક્ષ વીરાંગાઓએ ભારતનું નામ વિશ્વ સ્તરે રોશન કર્યું. મીરાબાંઈ, લલ્લન અને મહાદેવ વર્મા - અમૃતા પ્રીતમ અને આશાપૂર્ણા દેવી જેવી કવયિત્રીઓને પણ કેમ ભૂલીએ ? ગંગાસતીની સંઘેડા ઉતાર આધ્યાત્મિક પદ પરંપરા આજે પણ લોકહૈયે રમતી રહી છે. સ્ત્રી અબળા નથી, પ્રબળા છે. એ જગજ્જનની દુર્ગાનું સ્વરુપ છે. જરૂર પડ્યે તે મહિસાસુર મર્દિની પણ બની શકે અને કાલાન્તરે સીતા કે દ્રૌપદીનો પાઠ પણ ભજવી શકે. યૌન શોષણ સામે મૌન સેવનારી મહિલા હવે એવો મૂંગો ત્રાસ વેઠી લેવા તૈયાર નથી. બંધારણે એને સમાન અધિકારો આપ્યા છે ત્યારે હવે એ પરંપરાગત શરમ છોડીને લફંગા પુરુષોની ઈજ્જતના ધજાગરા કરતાં અચકાતી નથી. 'મી ટુ'ના કિસ્સા એનો જીવતોજાગતો પુરાવો છે. આવતીકાલ સ્ત્રીઓની છે તે કહેવાની જરૂર ખરી ? આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે ગરવી ગુજરાતણોને સવિશેષ ગાંધીનગરાણીઓને અંતઃકરણની ભાવવંદના !

# વિશ્વ સાહિત્યનો એક ઉત્તમ સંવાદ



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઈ.સ. ૧૯૮૫માં સમગ્ર મહાભારતનું નાટ્યરૂપાંતર ત્યાં - કલોદ કાર્યર્ એ ફ્રેંચમાં કર્યું. આ જ વર્ષે પીટર બ્રુકે અંગ્રેજી અનુવાદ કર્યો. આના સ્ટેજ શો નવ કલાક સુધી ચાલે. વિશ્વનગરના નાગરિકો માટે આ મહાનાટકની પ્રસ્તુતિ ચાલે. ઉત્પલ ભાયાણીએ આનો ગુજરાતી અનુવાદ કર્યો. ઈ.સ. ૧૯૯૧માં ઈમેજ પબ્લિકેશનસન્સમાંથી પ્રકાશિત કર્યો.

આમાંથી એક અંશ અહીં આપ્યો છે :

અવાજ : હું માછલું પણ નથી કે પક્ષી પણ નથી. મેં તારા ભાઈઓને મારી નાખ્યા. કારણ કે તેઓ મારા પ્રશ્નોના ઉત્તર આપ્યા વિના પાણી પીવા માગતા હતા.

(યુધિષ્ઠિર હલતા નથી અને તરસ પર કાબૂ મેળવી લે છે.)

યુધિષ્ઠિર : મારી પરીક્ષા કરો.

બોલ પવનથી પણ ઝડપી શું છે ?

વિચાર

પૃથ્વી ને કોણ ઢાંકી શકે ?

અંધકાર

સંખ્યામાં કોણ વધુ છે, જીવતા કે મરેલા ?

જીવતા, કારણ કે મરેલા તો હવે છે જ નહિ.



અવકાશનું મને એક ઉદાહરણ આપ.

અંજલિ કરેલા મારા હાથ.

શોકનું દૃષ્ટાંત ?

અજ્ઞાન.

વિષનું ?

ઝંખના.

પરાજયનું એક દૃષ્ટાંત ?

વિજય.

કયું પ્રાણી સૌથી વધુ લુચ્ચું છે ?

એ કે જેને હજી મનુષ્ય જાણતો નથી.

જગતનું કારણ શું છે ?

પ્રેમ.

તારું વિરોધી કોણ છે?

મારી જાત.

ગાંડપણ શું છે ?

એક ભુલાયેલો પથ.

અને વિદ્રોહ ? માણસો શા માટે વિદ્રોહ કરે છે?

સૌંદર્યની ખોજમાં, જીવનના કે પછી મરણ ને.

આપણે દરેક માટે શું અનિવાર્ય છે ?

સુખ.

અને જગતનું સૌથી મોટું આશ્ચર્ય કયું ?

દરરોજ મૃત્યુ છાપો મારે છે અને આપણે જાણે અમર હોઈએ એમ જીવીએ છીએ. આ સૌથી મોટું આશ્ચર્ય છે.

જળાશયમાંથી અવાજ : તારા બધા ભાઈઓ સજીવન થાઓ. કારણ કે હું ધર્મરાજ છું, તારો પિતા છું. હું સત્ય છું, સાતત્ય છં. સૃષ્ટિનું ઋત છું.

(મરેલાં ભાઈઓ ઊઠે છે.)

# ૨૨મી માર્ચ કયા દિવસ તરીકે ઊજવાય છે?



## ખજાનો

અનિલ પટેલ

### મહત્ત્વના દિવસો

૧ વિશ્વ માનવાધિકાર દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૧ ડિસેમ્બર (બ) ૧૦ ડિસેમ્બર
(ક) ૧૪ ડિસેમ્બર (ડ) ૨૨ ડિસેમ્બર

૨ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૮ ફેબ્રુઆરી કયા વૈજ્ઞાનિકની યાદમાં ઉજવાય છે ?
(અ) સી.વી. રામન (બ) વિક્રમ સારાભાઈ
(ક) ડૉ. હોમી ભાભા (ડ) જગદીશ ચંદ્રબોઝ

૩ ૨૨મી માર્ચ કયા દિવસ તરીકે ઊજવાય છે ?
(અ) વિશ્વ ચકલી દિન (બ) વિશ્વ વન દિવસ
(ક) વિશ્વ જળ દિવસ (ડ) વિશ્વ હવામાન દિવસ

૪ રાષ્ટર્ય વહાણવટા દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(અ) ૫ એપ્રિલ (બ) ૧૦ એપ્રિલ
(ક) ૧૭ એપ્રિલ (ડ) ૨૩ એપ્રિલ

૫ વૈશાખ પૂર્ણિમા કયા દિવસ તરીકે ઉજવાય છે?
(અ) મહાવીર જયંતી (બ) હનુમાન જયંતિ
(ક) ગીતા જયંતી (ડ) બૌદ્ધ જયંતિ

૬ કયા લોકો અષાઢ સુદ બીજ ને નવા વર્ષ તરીકે ઉજવે છે?
(અ) સૌરાષ્ટ્રના લોકો (બ) કચ્છના લોકો
(ક) પારસી લોકો (ડ) જૈન લોકો

૭ જલિયાવાળા બાગ હત્યાકાંડ દિવસ કયારે આવે છે?
(અ) ૧૩ એપ્રિલ (બ) ૧૪ એપ્રિલ
(ક) ૧૪ ફેબ્રુઆરી (ડ) ૨૨ માર્ચ

૮ ૧૨ ઓગાષ્ટ વિશ્વ યુવા દિવસ કોની યાદમાં ઉજવાય છે ?
(અ) ભગતસિંહ (બ) સ્વામી વિવેકાનંદ
(ક) સુખદેવ સિંહ (ડ) વિનોદ કિનારીવાલા

૯ ૨જી ડિસેમ્બર કયા દિવસ તરીકે ઊજવાય છે ?
(અ) વિશ્વ પુરુષ દિવસ (બ) વિશ્વ બૌધિક સંપત્તિ દિન
(ક) વિશ્વ લગ્ન દિવસ (ડ) વિશ્વ ગુલામી નિવારણ દિન

૧૦ ભારત છોડો દિવસ કયારેક ઉજવાય છે ?
(અ) ૩૦ જાન્યુઆરી (બ) ૧૪ એપ્રિલ
(ક) ૮ ઓગસ્ટ (ડ) ૧૪ નવેમ્બર

૧૧ ગુરુ પૂર્ણિમા બીજા કયા નામે ઓળખાય છે ?
(અ) વ્યાસ પૂર્ણિમા (બ) શરદ પૂર્ણિમા
(ક) ચૈત્રી પૂર્ણિમા (ડ) દત્તાત્રેય જયંતિ

૧૨ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૮ સપ્ટેમ્બર (બ) ૧૩ સપ્ટેમ્બર
(ક) ૧૬ સપ્ટેમ્બર (ડ) ૨૭ સપ્ટેમ્બર

૧૩ ૨૧ ઓગસ્ટ કયા દિવસ તરીકે ઊજવાય છે ?
(અ) હિન્દી (બ) સંસ્કૃત દિવસ
(ક) ગુજરાતી ભાષા દિન (ડ) મરાઠી ભાષા દિન

૧૪ ૮ ઓકટોબર કયા દિવસ તરીકે ઊપજાય છે ?
(અ) વિશ્વ મહિલા દિવસ (બ) વિશ્વ ગ્રાહક દિવસ
(ક) રાષ્ટ્રીય સમતા દિવસ (ડ) રાષ્ટ્રીય વાયુસેવા દિવસ

૧૫ સલીમ અલીનો જન્મ દિવસ કયા દિવસ તરીકે ઊજવાય છે ?
(અ) વન્ય પ્રાણી દિવસ (બ) પક્ષી દિવસ
(ક) ચકલી દિવસ (ડ) ધરતી દિવસ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૮લી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**
  - મહાન આંગ્લ કવિ મિલ્ટનનું લંડનમાં થયેલ નિધન (૧૬૭૪)
  - હરિનારાયણ આપેની જન્મજયંતિ (૧૮૬૪)
  - સાહિત લુધીયાન્વીની જન્મજયંતિ (૧૯૨૧)
  - સિનેમેટ્રોગ્રાફર સંતોષ શિવનનો જન્મદિવસ (૧૯૬૪)
- **૯ માર્ચ :**
  - સાહિત્યકાર નવલરામ પંડ્યાનો જન્મદિવસ (૧૮૩૬)
  - ગુજરાતી ક્રિકેટર પાર્થિવ પટેલનો જન્મદિવસ (૧૯૮૫)
  - નિકોલસ કોપરનીક્સે પ્રથમ વખત ખગોળીય અવલોકન કર્યું (૧૪૯૭)
  - રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું અવસાન (૧૯૪૭)
- **૧૦ માર્ચ : વિશ્વ કિડની દિવસ**
  - ઈસરોના પૂર્વ ચેરમેન યુ. આર. રાવનો જન્મ દિવસ (૧૯૩૨)
  - ગ્રેહામ બેલ અને થોમસ વોટ્સન વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ (૧૯૭૬)
  - વિયેતનામ જાપાનથી આઝાદ થયું (૧૯૪૫)
  - સાબરમતી આશ્રમ પાસેથી ગાંધીજીની પ્રથમવાર ધરપકડ થઈ (૧૯૨૨)
- **૧૧ માર્ચ : નિકોબાર સ્થાપના દિવસ**
  - વડોદરાના પ્રગતિશીલ એલેકઝાન્ડર ફલેમિંગનું અવસાન (૧૮૬૩)
  - પેનીશિલીનીન સોધક એલેકઝાન્ડર ફલેમિંગનું અવસાન (૧૯૫૫)
  - ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું (ધૂમકેતું)નું અવસાન (૧૯૬૫)
  - જાપાનમાં દરિયામાં નવની તીવ્રતાનો ભૂકંપ આવતા સર્જાયેલી સુનામીમાં હજારો લોકોના મોત થયા. (૨૦૧૧)
- **૧૨ માર્ચ : દાંડીકૂચ દિવસ / રાષ્ટ્રમંડળ દિવસ**
  - સાહિત્યકાર હરિન્દ્ર દવેનું નધન (૧૯૩૦)
  - ભારત સરકારે સાહિત્ય અકાદમીની સ્થાપના કરી.
  - સાહિત્ય સર્જક ગુણવંત જી. શાહનો જન્મ દિવસ (૧૯૩૭)
  - મીઠા પરના કરના વિરોધમાં ગાંધીજીની દાંડી કૂચનો પ્રારંભ (૧૯૩૦)
- **૧૩ માર્ચ :**
  - ભારતને પોતાની કર્મભૂમિ બનાવનાર અંગ્રેજ મહિલા એનીબેસન્ટનું નિધન - (૧૯૩૩)
  - જલીયાવાલા બાગના હત્યારા જનરલ ડાયરની ઉધમસિંહે ગોળી મારી હત્યા કરી (૧૯૪૦)
  - ચંદ્રયાન એપોલો - ૯ ચંદ્રની યાત્રા કરી પરત આવ્યું (૧૯૬૯)
  - સોલાડા લેમન પીણાંના શોધક જોસેફ પ્રિસ્ટલીનો જન્મદિવસ (૧૭૩૩)
- **૧૪ માર્ચ : આંતરરાષ્ટ્રીય પાઈ દિવસ**
  - બુદ્ધિમાની વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મદિવસ (૧૮૭૯)
  - જુગતરામ દવેની પુણ્યતિથિ (૧૯૮૫)
  - વિશ્વમાં સૌથી લાંબો ઉપવાસ કરનાર મણિપુરની ઈરોમા ચાનુ શર્મિલાનો જન્મદિવસ (૧૯૭૨)
  - ફિલ્મ અદાકાર આમીર ખાનનો જન્મદિવસ (૧૯૬૫)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ભારતીય વાયુસેનાના ચીફ કોણ છે ? જવાબ : બિરેન્દ્રસિંઘ ધાનોઆ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) શિવાંગ બી પટેલ : સરગાસણ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૭) નટુભાઈ દરજી : પેથાપુર (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૯) યશવંતકુમાર એસ પ્રજાપતી : સે-૬

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**મરાઠીઓને મહત્ત્વ આપતા રાજ ઠાકરેની પાર્ટીનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ભણેલા કહી ને શીખવે, અભણ કરી ને શીખવે



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

હમણાં થોડા દિવસ પહેલા કૉલેજ તરફથી તાલીમાર્થીઓના પાઠ જોવા જવાનું થયું. અમે પસંદ કરેલી માધ્યમિક શાળા હતી. જેમાં અભ્યાસ કરવા આવતાં લગભગ બધા જ ગરીબ વર્ગમાંથી આવતા હતા. તેમની સાથે વીતાવેલ એક અઠવાડિયું હૃદયને આનંદ આપનારું બની રહ્યુ. શાળામાં અભ્યાસ કરતાં બાળકો ભલે આર્થિક રીતે ગરીબ હતા, પણ દિલનાં ખૂબ જ શ્રીમંત હતાં. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે અભ્યાસમાં અને પૈસે ટકે નબળાં બાળકોમાં શિસ્ત જોવા મળતી નથી. પણ આ શાળા માટેએ ધારણા સાવ ખોટી સાબિત થઈ છે. જેનો આજે પણ ખૂબ જ આનંદ છે. પૂરા શિસ્ત બદ્ધ હતાં. એ બાળકો નમ્રતાથી ભરેલાં, ખોટા આડંબરો અને જુઠાંપણાના જોજનો દૂર લાગ્યા. પ્રેમથી ભરપૂર અને શિક્ષકને ભગવાનનો અવતાર માનતાં આ બાળકોને ખરેખર સલામ મારવાની ઈચ્છા થતી.

બાળકો સાથે કામ કરતાં લાગ્યું કે બાળકો માં શિસ્ત, સદ્ગુણો, પ્રેમ કોણે પૂર્યા હશે. માની લઈએ કે શિક્ષકો એ વધારે પડતી કાળજી રાખી હશે. જો આ માન્યતા સ્વીકારીએ તો શિક્ષકો તો બધી જ શાળામાં જોયા જ છે. તો બધી જ શાળામાં આવી શિસ્ત, આવો પ્રેમ, આવા સદ્ગુણ, આટલું મોટું દિલ કોના કારણે ? મનોવિજ્ઞાન કહે છે કે બાળકના ઘડતરમાં વાતાવરણ અગત્યનો ભાગ ભજવે છે. તો આ બાળકોને કેવું વાતાવરણ મળ્યું હશે ? સ્વાભાવિક છે કે ગરીબ અને મજૂર વર્ગમાંથી આવતાં આ બાળકો ચાલી કે ઝૂંપડા કે કાચાં- પાકાં અન્ય કોઈ જ સગવડો વગરનાં ઘરમાં રહે છે. વીજળીના પ્રકાશમાં નિયમિત પણે વાંચનાનું સદ્ભાગ્ય તેમનું નથી. કે સ્વર છ સાફ સુથરા વાતાવરણમાં રહેવાનું અને સૂવાનું આમ છતાં આપણને સલામ મારવાની ઈચ્છા થાય તેવાં આ બાળકો પ્રેમાળ અને સાચા હતા. આ સંસ્કાર આવ્યાં કયાંથી ?

આ પ્રશ્ન બે દિવસથી મૂંઝવતો હતો અને લગભગ પાંચમાં દિવસે તેના જવાબ મને મળ્યો. શાળાની સામે એક ભેંસ શિયાળાની ઠંડીને કારણે ઠુંઠવાઈને રસ્તા પર પડી હતી. સખત ઠંડીને કારણે તેનું શરીર થીજી ગયું હતું. તે હચનચલન કરવાની શક્તિ પણ ગુમાવી દીધી હતી. આજ પરિસ્થિતિ જો લાંબો સમય ચાલે તો ભેંસ મૃત્યુ પામે. આવી હાલતમાં પડેલી ભેંસને જોઈને સ્કૂટર, બાઈક કે કાર ચાલક આગળ વધી જતા હતા. આ ભેંસનું સદ્ભાગ્ય કે દૂર એક ઊભેલો ગરીબ અભણ મજૂર વર્ગનો માણસ ઊભો હતો. તેને ભેંસના શરીર પર કંતાન કોથળા ઓઢાડ્યા અને આજુબાજુમાં તાપણી કરી અને તાપણી લાંબો સમય ચાલે અને બુઝાઈ ન જાય તે માટે એ યુવાન તેની બાજુમાં બેસી રહ્યો અને પવનથી આગ બુજાય નહીં એટલા માટે બેસી રહ્યો. જાણે જોઈને એવું લાગે કે ભેંસ એની માલિકીની જ લાગે, પણ થોડા સમય પછી ખબર પડી કે તે ભેંસ તેને જીવાડવાનો પ્રયત્ન કરતા હતા. તેમાંથી ભેંસ કોઈની માલિકી ન હતી. જીવાડવાના પ્રયત્ન ચાલુ હતો. અને તે ધીમે-ધીમે સ્વસ્થ થઈ ચાલવા લાગી. આ ઘટના અમે જે શાળામાં પાઠ આપવા ગયા હતા. તેની બરાબર સામે બની હતી. આ ઘટના જોઈને વિચાર આવ્યો કે 'ભણેલા કહીને શીખવે અને અભણ કરીને શીખવે.'

ભણેલા માણસો અન્યને સારી સલાહ આપે છે. ખુદ શિક્ષકો પણ વર્ગમાં મૂલ્યોનું શિક્ષણ કહીને જ આપે છે કે સાચું બોલવું જોઈએ. જીવહિંસા ન કરવી, પ્રાણી માત્રનું રક્ષણ કરવું, અન્યને મદદ કરવી, સદાચાર કરવો વગેરે. આમ છતાં આજ પણ સમાજનો મૂલ્યોનો હ્રાસ થતો જોવા મળે છે. એનો અર્થ એવો થાય છે કે શાળામાં કહીને આપવામાં આવતા મૂલ્યલક્ષી શિક્ષણની ગહેરી થતી થી. તેની સામે પેલો ગરીબ વર્ગ, મજુર વર્ગ કે અસ્વચ્છતામાં રહેતો અને સૂતો વર્ગ દિલનો ખૂબ જ ઉદાર અને પ્રેમાળ જોવા મળે છે કે ભલે શાળામાં ગયો નથી. આમ છતાં સદ્ગુણો ભારોભાર ભરેલા છે. આમ આપણએ સૌ એવું કહીએ છીએ કે અમે બધા ભણેલા કહીએ છીએ. પણ બીજી બાજુ અભણ-ગરીબ વર્ગના વ્યક્તિને કહેતા નથી આવડતું 'તે કરી બતાવે છે. માટે જ તેમના વર્તનની સીધી અસર તેમનાં બાળકોમાં ઝડપી જોવા મળે છે.'